# શહેરમાં ચાતુર્માસ પ્રવેશ નિમિતે ભવ્ય સામૈયુ યોજાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શ્વે.મૂ.પૂ.સંઘ દ્વારા સેકટર-૨૨ સ્થિત જૈન દેરાસર ખાતેથી ચતુર્માસ પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાતુર્માસ પ્રવેશ મંગળ દિવસ નિમિતે સવારે ૮ કલાકે ભવ્ય સામૈયાનો પ્રારંભ જૈન દેરાસર ખાતેથી કરવામાં આવ્યો હતો. વિધાનસભા પાસે બેન્ડવાજા અને ઢોલ તેમજ શરણાઈના શુર સાથે પરંપરાગત રીતે મહારાજ સાહેબનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સામૈયાનો રુટ કલાત્મક રંગોળીથી સજજ જોવા મળ્યો હતો. માર્ગો પર સુંદર રંગોળી જોઈ નગરજનો પણ આનંદિત થઈ ઉઠ્યા હતા. સામૈયામાં શહેરના મેયર, ધારાસભ્ય, મહેસાણાના સંસદ સભ્ય, નગરના આગેવાનો સહિત જૈન સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ ખાતે આવેલ શ્વે.મૂ.પૂ.સંઘ દ્વારા જૈન દેરાસર ખાતેથી સવારે ૮ કલાકે ભવ્ય સામૈયાનો પ્રારંભ થયો હતો. સામૈયામાં બાળકો ઉંટલારીમાં સુંદર વેશભુષામાં સજજ જોવા મળ્યા હતા. જયારે મહિલાઓ પણ પરંપરાગત રીતે માથે કળશ સાથે જૈન મુનિ મહારાજ સાહેબનું સ્વાગત કરવા માટે નજરે પડતા હતા. બેન્ડવાજા, ઢોલ અને શરણાઈના શૂર સાથે નીકળેલ સામૈયામાં મોટીસંખ્યામાં ભાઈ બહેનો જોડાયા હતા. વિધાનસભા પાસે પૂજય નરરત્નસૂરીશ્વરજી મહારાજ, શ્રી સિધ્ધી સૂરીશ્વરજી મહારાજ, શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ, શ્રી રવિપ્રભવિજયજી મહારાજનું સામૈયુ ભારતીય સંસ્કૃતિને અનુરુપ પરંપરાગત રીતે કરવામાં આવ્યું હતું. વિધાનસભાથી જૈન દેરાસર સુધીના સામૈયાના રુટ પર સુંદર કલાત્મક રંગોળી શ્રધ્ધાળુઓ દ્વારા કરવામાં આવી હતી. ઢોલના તાલે અને શરણાઈના શૂર સાથે બન્ડવાજામાં વાગતા સુંદર ગીતોથી ધાર્મિક વાતાવરણ બની જવા પામ્યું હતું.જયારે જૈન સમાજના યુવાનો તેમજ સૌ કોઈ સંગીતના સથવારે સામૈયામાં ઝુમી ઉઠીને ગુલાલની છોળો ઉડાડતા નજરે પડયા હતા. સામૈયામાં ગરબે ઘુમતા યુવાનો અને વિવિધ વેશભુષામાં સજજ નાના બાળકોએ અનેરુ આકર્ષણ ઉભુ કર્યુ હતું. ચાતુર્માસ પ્રવેશ સામૈયાનું ઠેરઠેર નગરના આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સામૈયાના માર્ગે પોલીસની ટીમ સાથે સતત યુવાનો દ્વારા ટ્રાફિકની વ્યવસ્થા ખોરવાઈ ના જાય તે માટે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. ચ માર્ગ પર થઈને સેકટર-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૧૦ કલાકે સામૈયુ વાજતે-ગાજતે આવી પહોંચ્યું હતું. આ પ્રસંગે શહેરના મેયર પ્રવિણ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, મહેસાણાના સંસદ સભ્ય જયશ્રીબેન પટેલ સહિત નગરના આગેવાન તેમજ જૈન સમાજના ભાવિભકતો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જયારે પૂજય નરરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબે આજ સુધી ભૌતિક ક્ષેત્રે પ્રગતિ કરતા કરતા આધ્યાત્મિક ક્ષેત્રે તળીયે આવીને ઉભા રહેલા આપણને સર્વાંગી રીતે ઉંચકીને લેવા અહિંસા અને અનેકાંત જેવા ભગવાન મહાવીર પ્રરૂપિત ઉપદેશોને સરળ શૈલીમાં સમગ્ર શ્રધ્ધાળુ ભાઈ બહેનોને પોતાના વકતવ્યમાં સમજાવ્યું હતું.





## ખૂણે ખાંચરેથી...

● ચાર્તુમાસ નિમિત્તો ગાંધીનગર જૈનસંઘમાં પધારેલ પ.પૂ. નરસૂરીશ્વરજી મહારાજ સાહેબના સામૈયામાં આજે જૈન બંધુઓ સાથે મેયર પ્રવિણ પટેલ મનમુકીને નાચ્યા હતા.

● પ.પૂ. નરસૂરીશ્વરજી મહારાજ સાહેબના સામેયા બાદ યોજાયેલ સભામાં પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોક પટેલ, સાંસદ જયશ્રીબેન પટેલ, ભાજપના અગ્રણી કેતન પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

● ગાંધીનગરમાં આજે આખો દિવસ ઉકળાટ અને ભારે બફારાથી નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

● ગાંધીનગર જિલ્લામાં આજે આરોગ્ય તંત્ર દ્વારા વિશ્વ વસતી દિવસની ઉજવણી કરવામાં આવશે.

● આજે રાજ્યના રાહત કમિશનર દ્વારા વરસાદ અને અછતના મુદ્દાઓને લઈ અધિકારીઓની વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી છે.

● જિલ્લામાં ગુણોત્સવ-૬ના પગલે ડાયટ દ્વારા ગણન-લેખન-વાંચન માટે શિક્ષકોની એક તાલીમ શિબિર ત્રિદિવસીય યોજાઈ હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બાપજી... વાઈફ કહે છે કે... હું મારા મા બાપને ભુલીને તમારે ત્યાં આવી છું... તો... તમે પણ તમારા મા બાપને ભુલી જાવ... તો વાત તો સાચી કે નહીં...?!

## એલડીઆરપી કોલેજ સર્કલ પાસે પાનના ગલ્લામાં આગ ચંપી

ગાંધીનગર, તા. ૧૦

શહેરના સેકટર-૧૫ સ્થિત એલડીઆરપી કોલેજ સર્કલ પાસે કોઈ અજાણ્યા ઈસમોએ પાનના ગલ્લાને પેટ્રોલ નાખી આગને હવાલે કર્યો હતો. જેથી પાનના ગલ્લાના માલિકને નુકશાન થવા પામ્યુ હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર સે. ૧૫ એલડીઆરપી કોલેજ પાસેના સર્કલ નજીક સંખ્યાબંધ પાનના ગલ્લા તેમજ ખાણી-પીણીની લારીઓ જોવા મળે છે. ગત રોજ મોડી રાત્રે કોઈ અજાણ્યા ઈસમોએ અગમ્ય કારણોસર જય ભોલે પાન સેન્ટર નામના ગલ્લાના પાછળના ભાગે હથિયાર વડે બાકોરૂ પાડી તેમાં પેટ્રોલ છાંટી દિવાસળી ચાંપી ગલ્લાને આગને હવાલે કર્યો હતો. જોત જોતામાં ગલ્લો બળીને ખાખ થઈ ગયો હતો અને ગલ્લાના માલિકને નુકશાન થવા પામ્યુ હતુ. જો કે આ ઘટના મામલે કોઈ પોલીસ ફરીયાદ થવા પામી નથી.



કોઈકના ચહેરા પર સ્મિત લાવવુ તેનાથી મોટુ પુણ્યનું કોઈ કામ નથી. અને એમાં પણ જેને તેમના પોતાના પરિવારે તરછોડ્યા છે અથવા કુટુંબના કોઈ પોતાનું રહ્યું ના હોવાથી ઢળતી ઉંમરે વૃદ્ધાશ્રમના સહારે બાકીનું જીવન વ્યતિત કરી રહ્યાં છે તેવા વયોવૃદ્ધ વડીલોને 'વ્હાલ' આપવુ એ તો અતિ પુણ્યશાળી જ કરી શકે. ગાંધીનગરના ગુંજ ફાઉન્ડેશનના યુવા સભ્યોએ રવિવારે પેથાપુરના કૈલાસધામ વૃદ્ધાશ્રમ જઈ ત્યાં રહેતા વડીલો સાથે સમય વિતાવ્યો અને તેમને અલ્પાહાર પણ કરાવ્યો હતો. આ યુવાનો તેમની સેવાકીય પ્રવૃત્તિ થકી અન્યો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે.

# અંબાપુરમાંથી સાત શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર નજીકના અંબાપુર ગામની સીમમાં પ્રભુદાસ પટેલના ખેતરમાં લીમડાના ઝાડ નીચે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી અડાલજ પોલીસને મળી હતી. પોલીસે આ વિસ્તારને ઘેરી લઈ દરોડો પાડી અંબાપુરના ૭ શખ્સોને રંગેહાથ જુગાર રમતા ઝડપી પાડ્યા હતા અને જુગાર સાહિત્ય સહિત ૧૦ હજારની રોકડ જપ્ત કરી હતી.

અડાલજ પોલીસ મથકના પીએસઆઈ એમ.એલ. પરમાર પોતાની ટીમ સાથે ૪ વાગ્યાના સુમારે પેટ્રોલીંગમાં હતા ત્યારે અડાલજ અંબાપુર માર્ગ પર આવેલ પ્રભુદાસભાઈના ખેતરમાં શેઢા પર આવેલા લીંમડાના ઝાડ પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે ટીમ બનાવી સ્થળ પર દરોડો પાડ્યો હતો. જેમાં દશરથજી ઉર્ફે બાવો, ભલાજી ઠાકોર, દિલિપ કમાલભાઈ દંતાણી, કેશાજી નાથાજી ઠાકોર, ભરત આતાજી ઠાકોર, કાળાજી ચંદુજી ઠાકોર, ભીખા અંબાલાલ પ્રજાપતિ તથા મુકેશ વેચાતજી દંતાણી તમામ રહે. અંબાપુર પાસેથી રૂ. ૧૦,૧૯૦ જપ્ત કરી હતી. પોલીસે સાતેય આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ડ્રોન, પેરાગ્લાઈડર ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવાયો

અમદાવાદ, તા.૧૦

શહેરમાં શાંતિ અને સલામતીની પરિસ્થિતિ ન જોખમાય તે માટે શહેર પોલીસ કમિશનર શિવાનંદ ઝા દ્વારા ૧ ૩મી સપ્ટેમ્બર સુધી શહેરમાં રિમોટકન્ટ્રોલથી ચાલતા ડ્રોન સહિત લાઈટ એરક્રાફ્ટ, પેરાગ્લાઈડર, વગેરે પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ બહાર પાડ્યું છે. આ અંગે મળતી વિગત મુજબ શહેર પોલીસ કમિશનરનું કહેવું છે કે, અમદાવાદ શહેરમાં આર્મી કેન્ટોન્મેન્ટ, વીવીઆઈપી અને વીઆઈપીઓના રહેઠાણ અને કચેરીઓ અને અગત્યની સરકારી કચેરીઓ આવેલી છે.

# મુલાકાતીનું કામ ન કરો, પણ તેની સાથે આદરથી વાત કરો તો - તે તમારો બનશે




**મોદી અને અમિત શાહને તો ગુજરાતના 'વિજય'માં જ વિશ્વાસ છે**

**સોરી, મિસ્ટર સીએમ- અમે ગુજરાતના કેટલા સિંહ બહાર મોકલીશું ?**

**ભય હો ! : ભરૂચ પાસે નર્મદાનો કાંઠો 'સોલ્ટલેક' માં ફેરવાઈ ચૂક્યો છે**

ગુજરાતમાં એવા અધિકારીઓ આવીને ગયા કે જેઓને કામ કરવું ન હોય તો પણ વાત કરવાની સ્ટાઈલથી સામેવાળો એટલો ખુશ થઈને જાય કે એને મનોમન થાય, કેટલા સારા ઓફિસર છે... કેટલી મૃદુતાથી વાત કરે છે. સચિવાલયમાં એક સિનિયર ઓફિસર નિવૃત્ત થઈ ગયા પરંતુ તેમની સ્ટાઈલ એવી હતી કે મુલાકાતી ટેન્શનમાં તેમની ચેમ્બરમાં એન્ટર થાય અને જ્યારે બહાર નિકળે ત્યારે ખુશમિજાજમાં હોય... એને એમ કે તેનું કામ થઈ ગયું છે. સ્વભાવમાં નરમાશ હોય તો દુશ્મન પણ મિત્ર બની શકે છે, તે આ ઓફિસર સારી રીતે જાણતા હતા, અને એટલે જ તેઓ મુલાકાતીઓમાં લોકપ્રિય બની શક્યા હતા. બીજા એક ઓફિસર એચ.કે.એલ.કપૂર એવા ઓફિસર હતા તે તેમની ચેમ્બરમાં એન્ટર થયેલો કોઈપણ મુલાકાતી નિરાશ થઈને બહાર નિકળતો ન હતો. કાયદેસરનું કામ સરકારી નિતી-નિયમ પ્રમાણેનું હોય તો તેઓ અંગત રસ લઈને અવશ્ય કરી દેતા હતા. તેઓ પણ સચિવાલયમાં ખૂબ લોકપ્રિય બન્યા હતા. કપૂર સાહેબના હુલામણા નામથી તેઓ જાણીતા હતા.

● **અરવિંદ કેજરીવાલ સે ભડકે ભાજપવાલે...**

ગુજરાતમાં આમ આદમી પાટીની સરકાર આવી શકે? એવા સવાલનો જવાબ સૌ કોઈ વ્યક્તિ ના માં આપી શકે છે. ગુજરાતમાં ફરીથી ભાજપ સત્તા પર આવશે? જવાબ છે નો કોમેન્ટ પ્લિઝ... તો શું કોંગ્રેસ ૨૫ વર્ષ પછી સરકાર બનાવશે? આ સવાલનો જવાબ પણ ના માં હોય તો... ગુજરાતમાં ૨૦૧૭માં શું થશે... સત્તા માટે નહીં પણ એક પ્રયોગ માટે આમ આદમી પાટીની ગુજરાતમાં એન્ટ્રી થઈ રહી છે. આપ- એ કેજરીવાલ છે અને કેજરીવાલ એ આપ છે. ભગવાન સોમનાથના દર્શન કરીને તેમણે ગુજરાતમાં ચૂંટણીનું બ્યુગલ ફૂંક્યું છે. સોમનાથ દાદા તો ભાજપને પણ ફળ્યા છે. ૧૯૯૦-૯૧માં અડવાણીએ રામ રથયાત્રા કાઢી હતી તેનું કેન્દ્રસ્થાન સોમનાથ હતું. કેજરીવાલને ખબર હોય કે નહીં, સોમનાથ એ ભાજપની સત્તાનું એપિસેન્ટર છે. અરવિંદ કેજરીવાલે ગુજરાતમાં શિવ-એન્ટ્રી કરી છે.

● **સોરી, ગુજરાત પાસે હવે સિંહ નથી...**

હમણાં મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચૌહાણે ગુજરાતના સિંહોને તેમના રાજ્યમાં ખસેડવાની માગણી દોહરાવી છે. તેમના રાજ્યની પ્રખ્યાત કુનો વાઈલ્ડલાઈફ સેન્ચ્યુરીમાં તેમને ગીરના લાયન જોઈએ છે, પરંતુ સોરી, મિસ્ટર ચીફ મિનિસ્ટર- અમારી પાસે હવે સિંહ નથી. સચિવાલયમાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના એક ગુજરાતી અધિકારીએ કહ્યું હતું કે- અમારા બે સિંહ દિલ્હીમાં શિફ્ટ થયા છે. વહીવટી તંત્રમાંથી પણ ૨૫ સિંહ દિલ્હીમાં બેઠાં છે. ગુજરાતને ખાલી કરવાનો અમારો કોઈ ઈરાદો નથી... (આ અધિકારી શું કહેવા માગે છે તે સમજી શકાય તેમ છે). ગુજરાતને પણ તેનો વહીવટ ચલાવવાનો છે. ગીરના સિંહો ગીરના જંગલમાં જ ખુશ છે. તેઓ આવવાની ના પાડે છે... સોરી!!

● **અસંતુષ્ટ નેતાઓને મજબૂત વિકલ્પ મળ્યો...**

ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસના અસંતુષ્ટ નેતાઓને આમ આદમી પાટીનો મજબૂત વિકલ્પ મળ્યો છે. પાટીદાર યુવા નેતાઓ પાસે પણ આપ ની ચાવી છે. અરવિંદ કેજરીવાલ અને પાટીદાર નેતાઓ વચ્ચેનું અંતર ઘટતું જાય છે. ગુજરાતના પાટીદાર મતદારો કે જેઓ કોંગ્રેસને મત આપવા માગતા નથી તેઓ હવે આમ આદમી પાટીના ઉમેદવારને વધારે પ્રેફર કરશે. ગુજરાતના કોલેજીયન યુવાનોમાં થયેલા એક સર્વેક્ષણ પ્રમાણે ૧૦ પૈકી ૭ યુવાનો એવું કહે છે કે અમારે ભાજપના ઉમેદવારને મત નથી આપવો તો અમારી પાસે કોંગ્રેસ નહીં, આમ આદમી પાટીનો વિકલ્પ છે. આમ પણ કેજરીવાલની નજર ગુજરાતના શહેરી મતદારો પર વધારે છે, તેની અસર પણ થઈ છે.

● **રૂપાણીથી બે સિનિયર મંત્રીઓને ટેન્શન...**

ગુજરાતમાં ૨૦૧૭માં ચીફ મિનિસ્ટરનો ચહેરો ભાજપે લગભગ નક્કી કરી નાંખ્યો છે. જો ભાજપને બહુમતિ મળે તો આનંદીબહેન પટેલના સ્થાને રાજકોટના સિનિયર ધારાસભ્ય અને પાર્ટીના હાલના પ્રેસિડેન્ટ વિજય રૂપાણી ગુજરાતના નવા ચીફ મિનિસ્ટર હશે. સચિવાલયમાં આજકાલ આ ઈસ્યુ હોટ ટોપિક છે. કેબિનેટ પ્રધાનના એક જૂના સ્ટાફરે કહ્યું હતું કે વિજય રૂપાણીની રફતાર જોતાં સિનિયર પ્રધાનો નિતીન પટેલ અને સૌરભ પટેલને ટેન્શન થઈ ગયું છે, કારણ કે આનંદીબહેનની પસંદગી થઈ ત્યારે આ બન્ને પ્રધાનો ચીફ મિનિસ્ટરશીપનો દાવો કરી રહ્યાં હતા. જો કે પાટી આ બન્ને નેતાઓને ગુજરાતના નેતા તરીકે પ્રસ્થાપિત તરીકે જોઈ શકતી નથી, મોદી અને અમિત શાહને તો વિજયમાં વિશ્વાસ છે.

● **મોદી દિલ્હીમાં પણ અહીં તો મોદી જ મોદી છે...**

ગુજરાતમાં મોદી માસ્ક પહેરીને ફરતા લોકો એવું સમજે છે કે આપણે જ મોદી છીએ. સચિવાલયમાં હજી પણ કેટલાય નેતાઓ, મિનિસ્ટરના ચહેરા પરથી મોદી માસ્ક ઉતર્યા નથી. ભાઈ, મોદી બનવું હોય તો તેમના જેવું ઉંચું નિશાન બનાવવું પડે... માસ્ક પહેરવાથી મોદી થઈ જવાતું નથી. મોદી સ્ટાઈલના ઝભ્ભા, મોદી સ્ટાઈલની ઘડિયાળ, મોદી સ્ટાઈલના ચશ્મા, મોદી સ્ટાઈલમાં વાતચીત... સૌરાષ્ટ્રની ભાષામાં કહેવું હોય તો ભાઈ, ખમૈયા કરો, તમે મોદી નથી, ધરતી પર આવો નહીં તો ગુજરાતની પબ્લિક તમને ધરતી પર લાવી દેશે. રોફ મોદી જેવો રાખશો નહીં, કારણ કે તમે બધાં મોદી બની નહીં શકો. બીજો જન્મ લેવો પડશે. સ્વભાવમાં નરમાશ હશે તો કોઈ સામું જોશે, નહીં તો રાજકીય માહોલમાં ક્યાંય ફેંકાઈ જશો.

● **ત્રીજી શક્તિનો સૂર્યોદય થશે કે નહીં....**

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવે તે પહેલાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલ ભાજપ અને તેની સરકારને આંખે પાણી લાવી દે તેવો પ્લાન તૈયાર થઈ રહ્યો છે. ગુજરાતમાં ૧૯૯૫ થી એક બે વર્ષને બાદ કરતાં ભાજપનું શાસન છે. હવે આટલા વર્ષોની સત્તા પછી એન્ટી ઈન્કમબન્સી ફેક્ટરે જોર પકડ્યું છે. ગુજરાતમાં ત્રીજી શક્તિ ક્યારેય ચાલી નથી પરંતુ આ વખતે થર્ડફોર્સ મેદાનમાં ઉતરી રહ્યો છે. એના કારણો પણ ઘણાં છે. ભાજપમાં અસંતોષ છે. સત્તાની સાઠમારી છે. મુખ્યમંત્રીના દાવેદારો વધતા જાય છે. ગુજરાતની જનતા મોંઘવારી અને ટેક્સના ચક્કરમાં ફસાતી જાય છે. ભાજપના ધારાસભ્યોની નબળાઈ છતી થઈ રહી છે. બીજી તરફ ગુજરાત સરકારની પાટીદારોમાં ભાગલા પડાવવાની યુક્તિ સામે યુવા પાટીદાર નેતાઓ જાગી ચૂક્યાં છે. આંદોલનને સમાપ્ત કરવા છ મહિનામાં કેટલાય કાવાદાવા કર્યા છે. લાલજી પટેલને સાથે રાખીને એવું બતાવવાનો પ્રયાસ કર્યો કે પાટીદાર આંદોલન હવે રહ્યું નથી પરંતુ હવે સમીકરણો બદલાતા હોય તેવું લાગે છે. હાર્દિકની જેલમુક્તિ પછી સરકાર ફરી ટેન્શનમાં આવી છે.

● **સ્ટાર્ટઅપને લોકપ્રિય બનાવવાનો નુસખો...**

ગુજરાત સરકારે તેની વાયબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ સમિટ ૨૧ અને ૨૨ ઓક્ટોબરના રોજ યોજવાનું નક્કી કર્યું છે. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનારી આ સમિટમાં નાના ઉદ્યોગોને પ્રોત્સાહન અપાશે. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ કહે છે કે ગુજરાતની આઠમી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ના જાન્યુઆરી મહિનામાં યોજાવાની છે ત્યારે આ સ્ટાર્ટઅપ સમિટના કારણે મુખ્ય સમિટને બળ મળશે અને વધુને વધુ ઉદ્યોગો ગુજરાતમાં મૂડીરોકાણ કરવા ઉત્સુક બનશે. આ સમિટનું આયોજન ફિક્કી અને ઈડીઆઈ દ્વારા કરવામાં આવ્યું છે. અમને એવો અંદાજ છે કે ૩૫૦૦ કરતાં વધુ ડેલિગેટ્સ આ સમિટમાં હિસ્સો લેશે તેમ અરવિંદ અગ્રવાલે કહ્યું છે. આ ડેલિગેટ્સ ૫૦ નેશનલ અને ઈન્ટરનેશનલ સ્પીકરના ૨૦ જેટલા સેસનમાં હિસ્સો લઈ શકશે. ગુજરાત સરકારે તાજેતરમાં જ સ્ટાર્ટઅપ પોલિસી જાહેર કર્યા પછી ૧૦૦ સાહસિકોએ ૪૭ પ્રોજેક્ટમાં કામ શરૂ કરી દીધું હોવાનું કહેવાય છે.

● **નર્મદાના કિનારા સોલ્ટપામ બની રહ્યાં છે...**

ભરૂચ જિલ્લાના નર્મદા ડેમના ગ્રામ્ય વિસ્તારમાં દરિયાના ખારા પાણી ઘુસી જતાં નર્મદાનો કિનારો સોલ્ટપામમાં ફેરવાઈ જવાની દહેશત ઉભી થઈ છે. ખંભાતના અખાતથી ૪૦ કિલોમીટરના નર્મદાકાંઠાના વિસ્તારમાં ખારા પાણીએ કેર વર્તાવ્યો છે. ઓછામાં ઓછી ૧૦,૦૦૦ હેક્ટર જમીન ધોઈ નાંખી છે. ખારા પાણીથી પ્રભાવિત નર્મદાકાંઠાના ૧૮ ગામોની ગ્રામસભામાં આ ઈસ્યુ રેઈઝ કરવામાં આવ્યો હતો. આ ગામના સરપંચોએ મળીને જિલ્લા કલેક્ટરને રજૂઆત પણ કરી છે. આ ગ્રામજનોની માગણી છે કે નર્મદા ડેમમાંથી પાણી નદીમાં વહાવવામાં આવે તો સોલ્ટપામ બનેલા વિસ્તારોની જમીન સુધરી શકે તેમ છે. ૨૦૧૩માં નિરીએ નર્મદા નદીમાં ખારાશનું પ્રમાણ વધી રહ્યું હોવાનો સ્ટડી કર્યો હતો. આ સંસ્થાએ તેના રિપોર્ટમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે નર્મદાના કિનારામાં ખારાશનું પ્રમાણ ૨૦૦૦ની સાલમાં ૪૩ ટકા હતું તે વધીને ૮૭ ટકા નોંધવામાં આવ્યું છે. એટલું જ નહીં નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીએ ખારા પાણી નર્મદામાં ઘુસી રહ્યાં હોવા અંગે ગુજરાત સરકારને ચેતવણી પણ આપી હતી પરંતુ રાજ્ય સરકારે આ દિશામાં કોઈ પગલાં ભર્યા નથી.

● **ફરી વિસ્તરણની અટકળો તેજ બની છે...**

ગુજરાતમાં અમિત શાહના રાઉન્ડ પછી કંઈ ને કંઈ નવા-જૂની થાય છે. તાજેતરમાં અમિત શાહે અમદાવાદની મુલાકાત કર્યા પછી આનંદીબહેન પટેલની સરકારના વિસ્તરણે જોર પકડ્યું છે. પાટી પ્રેસિડેન્ટ વિજય રૂપાણી સાથે તેમણે લંબાણપૂર્વક ચર્ચા કરી છે. સૂત્રો એવું પણ કહે છે કે આ સરકારમાં શું ચાલી રહ્યું છે તેની માહિતી અમિત શાહે મેળવી છે. વિધાનસભાની ચૂંટણી આવતી હોવાથી ભાજપ માટે કેવું વાતાવરણ છે, સરકાર કેવી ચાલે છે. ફરિયાદો આવે છે કે કેમ, લોકોના કામો થાય છે કે નહીં તેવી બાબતોનો અમિત શાહે અભ્યાસ કર્યો હોય તેમ સૂત્રો કહે છે.